અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં.૫૧૩, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**<u>ફોજદારી કેસ નં.૧૨૩૬૯/૨૦૨૩</u>**

આંક ................

**<u>ફરીયાદી :</u>** શ્રી સરકાર

વિરૂ ઘ્ધ.

**<u>આરોપી :</u>** (૧) રમણભાઈ કાનજીભાઈ મકવાણા

(૨) દિનેશ ઉર્ફે પપ્પુ સ/ઓ. લાલભાઈ શાહ

(૩) વિજયભાઈ નારાયણભાઈ કોષ્ટી

(૪) ગીરીશભાઈ જીવણાભાઈ વાળોદરા

ફરીયાદી તર્ફે એ.પી.પી. અને આરોપી તર્ફે

**ગુનો : જુગારધારાની કલમ – 12 મુજબ.**

**– : ચૂકા દો : –**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ દર્શાવેલ જાહેરમાં/ગેમ્બલીંગ હાઉસમાં જુગાર સટ્ટો રમી પકડાઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે. જે મુજબ આરોપી સામે હાલનુ ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીને સમન્સ કરેલ છે જે અન્વયે આરોપી હાજર થતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે તેમજ મુદ્દામાલ કલેમ કરતા નથી તે અંગેની પુરસીસ પણ રજુ કરેલ છે.

૩. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજિ ઠાકોર ૨૦૦૫(૧) જિ. એલ. આર. પાના નંબર ૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિધ્ધાંતને ઘ્યાને રાખતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

આ કામના આરોપી ને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે **જુગારધારાની કલમ – 12 મુજબ** ના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/– (અંકે એકસો પુરા) **(૧૦૦×૪ = ૪૦૦ )** નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – ૭ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ કોર્ટમાં જમા ન હોય તો પોલીસ સ્ટેશનમાં સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. બાકીનો

મુદ્દામાલ જેવો કે ગંજી પત્તાના પત્તા, પાથરણુ, નોટબુક, પેન વિગેરે બિનકિંમતી મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ મોબાઈલ/લેપ ટોપ/ ઈલેક્ટ્રોનીક ગેઝેટ/વાહન આરોપીએ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામાં આવે છે. જો આરોપીએ છોડાવેલ ન હોય તો જે તે **પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રીએ જાહેર હરાજી કરી તે ઉપજેલ રકમ સરકાર જમા કરવી અને તે ચલણની એક નકલ અત્રેની કોર્ટમાં જમા કરવી.**

ઉપરોકત ચુકાદો આજ રોજ સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તા. 09/09/2023
અમદાવાદ

**(ડો. પરેશ અંબાલાલ પરમાર)**
UIC CODE NO. GJ00752
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં. જીજે ૦૦૭૫૨